"કોમ્પ્યુટર કૌશલ્ય"ની તાલીમ અને પરીક્ષાના આયોજન અંગે.

ગુજરાત સરકાર

**સામાન્ય વહીવટ વિભાગ**

ઠરાવ ક્રમાંક : પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક,

સચિવાલય, ગાંધીનગર.

તા. ૩૦-૦૯-૨૦૦૬.

વંચાણે લીધા :

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા. ૧૧-૦૮-૨૦૦૩નો પરિપત્ર ક્રમાંક : પરચ-૧૦૨૦૦૩-૬૭૨(૧)-ગ-૨

(૨) સામાન્ય વહીવટ વિભાગનું તા. ૨૬-૧૨-૨૦૦૫નું જાહેરનામું ક્રમાંક : જીએસ-૩૯-૨૦૦૫-સીઆરઆર-૧૦૨૦૦૩-૬૭૨(i)-પાર્ટ- II- ગ-૨

(૩) સામાન્ય વહીવટ વિભાગનું તા. ૩૦-૦૯-૨૦૦૬ના જાહેરનામા ક્રમાંક : જીએસ-૨૦૦૬-ખત૫-૩૧-૧૦૨૦૦૫-૧૫૧૯-ક.

(૪) સામાન્ય વહીવટ વિભાગનું તા. ૨૦-૦૭-૨૦૦૬ના જાહેરનામા ક્રમાંક : જીએસ-૩૯-૨૦૦૫-સીઆરઆર-૧૦૨૦૦૩-૬૭૨(i)-પાર્ટ- II- ગ-૨

આમુખ :

રાજ્ય સરકારની ઈ-ગર્વનન્સની નીતિ અન્વયે વર્ગ-૧ થી વર્ગ-૩ની જગ્યાએ સીધી ભરતી અને બઢતીથી નિમણૂંક પામતા અધિકારીઓ / કર્મચારીઓ માટે "કોમ્પ્યુટર" વિષયની જાણકારી ફરજિયાત બનાવવા અંગેની સૂચનાઓ ઉપર વંચાણે લીધેલાં સા.વ.વિ.ના ક્રમ (૧)ના પરિપત્રથી આપવામાં આવી છે.

૨. સંદર્ભમાં દર્શાવેલા ક્રમ (૨) પરના જાહેરનામાથી આ પૂર્વ લાયકાત, સરકારી સેવામાં કોઈપણ નિમણૂંકને લાગુ પાડવા ઠરાવાયું છે, અને ક્રમ (૪) પરના જાહેરનામા મુજબ બઢતીઓ પૂરતું તે તા. ૦૧-૧૦-૨૦૦૬થી અમલમાં આવે છે.

૩. સંદર્ભમાં દર્શાવેલા ક્રમાંક : (૩) પરના સરકારના તા. ૩૦-૯-૨૦૦૬ના જાહેરનામાથી "કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો", બહાર પાડવામાં આવેલ છે. આથી "કોમ્પ્યુટર કોશલ્ય"ની તાલીમ અને પરીક્ષા માટેની કાર્ય પધ્ધતિ નકકી કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. પ્રસ્તુત બાબતમાં પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવ :

**(૧) "કોમ્પ્યુટર કૌશલ્ય" પરીક્ષા નીચે પ્રમાણે રહેશે.**

(અ) વર્ગ-૩ના કર્મચારીઓ માટે "કોમ્પ્યુટર કૌશલ્ય" પરીક્ષા "Course on Copmputer Concept (C.C.C.)" સ્તરની રહેશે.

(બ) વર્ગ-૨ તથા વર્ગ-૧ના અધિકારીઓ માટે "C.C.C⁺" સ્તરની પરીક્ષા રહેશે.

**(૨) ઉકત "કોમ્પ્યુટર કૌશલ્ય" પરીક્ષા સીધી ભરતી / બઢતીથી નિમણૂંકના પ્રસંગે પસાર કરવી જે તે સંવર્ગના કર્મચારી/અધિકારી માટે ફરજિયાત રહેશે.** આ પરીક્ષામાંથી કોઈને મુકિત મળવાપાત્ર રહેશે નહી.

(અ) સીધી ભરતીના કર્મચારી/અધિકારીએ તેના અજમાયશી સમયગાળા દરમ્યાન સંબંધિત પરીક્ષા પાસ કરવાની રહેશે. અજમાયશી સમયગાળા દરમ્યાન પરીક્ષા પસાર ન કરે તેઓનો નિયમાનુસાર અજમાયશી સમય લંબાવી શકાશે તે સમય દરમ્યાન પણ જો પરીક્ષા પાસ ન કરે તો તેમની સેવા સમાપ્ત કરવાની રહેશે સંબંધિત પરીક્ષા પસાર કર્યે તેઓને સેવામાં પરત લઈ શકાશે.

(બ) કર્મચારી/અધિકારીએ બઢતી પૂર્વે સંબંધિત સંવર્ગને લાગુ પડતી કોમ્પ્યુટર પરીક્ષા પસાર કરવાની રહેશે.

(ક) વર્ગ-૪માંથી વર્ગ-૩માં બઢતીના પ્રસંગે 'C.C.C'. સ્તરની પરીક્ષા પાસ કરેલી હોવી જોઈશે.

(ડ) વર્ગ-૩માંથી વર્ગ-૩ની જગ્યાએ બઢતીના પ્રસંગે અગાઉ "C.C.C." સ્તરની પરીક્ષા પાસ કરેલી હશે તો ફરીથી આવી પરીક્ષા પાસ કરવાની રહેશે નહી. પરંતુ વર્ગ-૩માંથી વર્ગ-૨ની જગ્યાએ બઢતીના પ્રસંગે "CCC⁺" સ્તરની પરીક્ષા પાસ કરેલી હોવી જોઈશે.

(ઈ) વર્ગ-૨માંથી વર્ગ-૧માં બઢતીના પ્રસંગે અગાઉ "CCC+" સ્તરની પરીક્ષા પાસ કરેલી હશે તો ફરીથી આવી પરીક્ષા પાસ કરવાની રહેશે નહી.

(૩) કોઈપણ અધિકારી/કર્મચારી ''કોમ્પ્યુટર કૌશલ્ય'' પરીક્ષા સીધી આપી શકશે. પરીક્ષા માટે તાલીમ મેળવવી પૂર્વ જરૂરિયાત રહેશે નહિ.

(૪) પરીક્ષાનો અભ્યાસક્રમ ''કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો ૨૦૦૬''થી ઠરાવ્યા અનુસારનો રહેશે. જે **પરિશિષ્ટ-'બ' અને પરિશિષ્ટ-'ક'** માં સામેલ છે.

પરીક્ષાનું આયોજન નિયામક રોજગાર અને તાલીમ હેઠળની ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેઈનીંગ, ગાંધીનગર સંચાલિત આઈટીઆઈ કેન્દ્રોમાં તથા સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા, અમદાવાદ સંચાલિત કેન્દ્રોમાં થશે. જેની વિગતો **પરિશિષ્ટ-'ડ'**માં સામેલ છે.

(૫) કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા અંગ્રેજી / ગુજરાતીમાં લેવામાં આવશે, થીયરી ૫૦ ગુણ અને પ્રેકટીકલ-૫૦ ગુણ એમ બે ભાગમાં મળી કુલ-૧૦૦ ગુણની પરીક્ષા રહેશે. પ્રત્યેક ભાગમાં પાસ થવા માટે ઓછામાં ઓછા ૨૫ ગુણ મેળવવાના રહેશે.

(૬) સંબંધિત સંસ્થા ધ્વારા પરીક્ષાના પરિણામની જાણ સંબંધિત કચેરી તથા વહીવટી વિભાગને કરવાની રહેશે. સરકારના સંબંધિત વિભાગ ધ્વારા પરીણામને ગેઝેટમાં પ્રસિધ્ધિ કરાશે. પરીક્ષા ઉત્તીર્ણ કર્યા અંગેની નોંધ સક્ષમ સત્તાના હુકમ અન્વયે સેવાપોથીમાં લેવાની રહેશે.

(૭) જે અધિકારી / કર્મચારી કોમ્પ્યુટર પરીક્ષા પૂર્વે તાલીમ માટે ઈચ્છુક હોય તેઓને તાલીમ મળી શકશે. જેની વિગતો નીચે પ્રમાણે રહેશે.

| ક્રમ | સંસ્થાનું નામ | 'CCC' તાલીમની ફી | 'CCC+' તાલીમની ફી | પરીક્ષા ફી |
|---|---|---|---|---|
| ૧ | ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેઈનીંગ, ગાંધીનગર સંચાલિત આઈ.ટી.આઈ. કેન્દ્ર | રૂ. ૮૦૦/- | રૂ. ૧૫૦૦/- | રૂ. ૧૫૦/- |
| ૨ | સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા, અમદાવાદ, સંચાલિત કેન્દ્ર | રૂ. ૧૬૦૦/- | રૂ. ૨૪૦૦/- | રૂ. ૧૫૦/- |

(૮) (અ) તાલીમ / પરીક્ષા ફીની ચૂકવણી પ્રથમવાર સંબંધિત કચેરી ધ્વારા તાલીમી/પરીક્ષા સંસ્થાના નામે ડીમાન્ડ ડ્રાફટથી કરવાની રહેશે. કર્મચારી / અધિકારી, રોકડ/ડ્રાફટથી જાતે ચૂકવણી કરીને પણ ફી ભરી શકશે. તે પછી ઉકત રકમ પોતાની કચેરીમાંથી પરત મેળવી શકશે.

(બ) કર્મચારી/અધિકારીઓએ સંસ્થામાં હાજર થવા સમયે જરૂરી ફીનો ડીમાન્ડ ડ્રાફટ રજૂ કરવાનો રહેશે.

(ક) બીજી કે તેથી વધારાની તકો માટે કર્મચારી / અધિકારીએ નિયત ફી ચૂકવવાની રહેશે.

(૯) **"C.C.C."** સ્તર તાલીમ કુલ - ૪૫ કલાકની રહેશે. **"CCC+"** સ્તર તાલીમ કુલ - ૭૫ કલાકની રહેશે. તાલીમનું આયોજન સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા, અમદાવાદ/ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેઈનીંગ, ગાંધીનગર દ્વારા કરવામાં આવશે.

(૧૦) તાલીમી સંસ્થાએ વર્ષ દરમ્યાનનો તાલીમ અને પરીક્ષાનો કાર્યક્રમ નિયત કરી તેની આગોતરી જાણ સર્વે કચેરીઓને કરવાની રહેશે.

(૧૧) જે અધિકારીઓ/કર્મચારીઓ પ્રવરતા મુજબ બઢતી માટે પ્રવર હોય અને/અથવા બઢતી માટે વિચારણાના ક્ષેત્રમાં આવતા હોય તેમને તાલીમ અને/પરીક્ષામાં ઉપસ્થિત થવા અગ્રતા આપવાની રહેશે.

(૧૨) તમામ વિભાગ, ખાતાના વડા તથા જિલ્લા કક્ષાની કચેરીઓએ તેમની કચેરી હેઠળના અધિકારીઓ/કર્મચારીઓની પ્રવરતા અનુસારની યાદી નિયત કરેલ નોંધણી ફોર્મમાં, ડેટા એન્ટ્રી કરી સોફટ કોપી તથા હાર્ડ કોપી (સી. ડી.)માં બે નકલમાં જે તે તાલીમ કેન્દ્રમાં તથા નિયામકશ્રી, રોજગાર અને તાલીમ તથા સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા, અમદાવાદને પણ રજૂ કરવાની રહેશે. તાલીમ/પરીક્ષા માટેનું નોંધણી ફોર્મ પરિશિષ્ટ - 'અ' મુજબનું રહેશે.

(૧૩) કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષાનો ખર્ચ સરકારની પ્રવર્તમાન સૂચનાઓનુસાર અંદાજપત્રના તાલીમ સદરે ઉધારવાનો રહેશે.

(૧૪) આ પરીક્ષા ઉત્તીર્ણ કરવામાંથી કોઈ મુક્તિ મળવાપાત્ર રહેશે નહીં. આ જોગવાઈઓ રાજ્ય સેવા, પંચાયત સેવા તથા રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ/કોર્પોરેશનના કર્મચારીઓ/અધિકારીઓને સમાન ધોરણે લાગુ પડશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**મનોજ ઓઝા,**
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

* માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી,
* માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,
* મુખ્ય સચિવશ્રીના ઉપ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
* રજિસ્ટ્રાશ્રી,ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
* સચિવશ્રી, પંચાયત અને ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ,
* એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
* એડીશનલ એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
* સા.વ.વિ,ના સર્વે અધિકારીઓ.
* પે એન્ડ એકાઉન્ટ ઓફીસરશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
* રેસીડેન્ટ ઓડીટ ઓફીસરશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
* કમિશનરશ્રી, સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા, અમદાવાદ-૧૫ તાલીમ/પરીક્ષા કાર્યક્રમની વિભાગો/ખાતાના વડા/કચેરીને જાણ કરવાની સૂચના સાથે.
* નિયામકશ્રી, રોજગાર અને તાલીમ / ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેઈનીંગ, ગાંધીનગર તાલીમ/પરીક્ષા કાર્યક્રમની વિભાગો/ખાતાના વડા/કચેરીને જાણ કરવાની સૂચના સાથે.
* માહિતી નિયામકશ્રી, ગાંધીનગર, જાહેર પ્રસિધ્ધિ આયોજન અર્થે.
* સચિવાલયના સર્વે વિભાગો
* સર્વે ખાતાના વડા (ખાતાના વડા હેઠળની કચેરીઓને ઉક્ત સૂચનાઓ મોકલવાની વિનંતી સાથે)
* સા.વ.વિ.ની સર્વે શાખાઓ,
* રાજ્ય સરકારના સર્વે બોર્ડ/કોર્પોરેશન
* એકઝીક્યુટીવ સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગ, **GSWAN"** પર પ્રસિધ્ધિ અર્થે
* ના.સે.અ. સિલેકટ ફાઈલ
* સિલેકટ ફાઈલ / ક શાખા,
* પત્ર ધ્વારા.